# ગુજરાતની યુનિવર્સિટીઓ વિશ્વ સ્તરે હવે ઝળકશે

## જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ગુજરાત શિક્ષણ ક્ષેત્રે સર્વગ્રાહી અને સર્વસમાવેશક પ્રયાસોથી આગળ વધી રહ્યું છે

નર્મદા,તા.૧૩

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણને આંતરરાષ્ટ્રીય કક્ષાનું બનાવવા માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી, નર્મદા ખાતે બે દિવસના સેમિનાર શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ રાજ્ય મંત્રી કુબેર ડિંડોરની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. આ બે દિવસીય આ સેમિનારમાં રાજયની તમામ યુનિવર્સિટીના કુલપતિ, રજિસ્ટ્રાર અનેૈં ઊઇ઼ઝ઼ કો-ઓર્ડિનેટરોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શિક્ષણ મંત્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું કે, ગુજરાત શિક્ષણ ક્ષેત્રે સર્વગ્રાહી અને સર્વસમાવેશક પ્રયાસોથી આગળ વધી રહ્યું છે.

આપણે છેલ્લા સમયગાળા દરમિયાન જોયું છે કે, રાજયની યુનિવર્સિટીઓના રેક્નિંગમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. રાજ્ય સરકારે શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવવા માટે શ્રેષ્ઠત્તમ પ્રયાસો કર્યા છે. આ સેમિનારમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ એસ.જે હૈદર,નેશનલ બોર્ડ ઓફ એક્રેડકિટેશનના સભ્ય સચિવ ડો. એ.કે. નાસા, ચંદીગઢ યુનિવર્સિટીના સતનામસિંઘ સંધુ



અને ઉપપ્રમુખ ડો. હિમાની સુદ અને રિસર્ચ ડિન ડો.સંજીત સિંઘ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સેમિનારમાં રાજયની સરકારી, ખાનગી અને સેકટોરિયલ યુનિવર્સિટીના કુલપતિઓ, રજિસ્ટ્રારો અનેૈં ઊઇ઼ઝ઼ કો-ઓર્ડિનેટર સહિતના આશરે ૨૪૦ લોકોએ ભાગ લીધો હતો. તેમણે જણાવ્યું કે, કોરોના કાળમાં સહુથી મોટું નુકસાન શિક્ષણને થયું છે.

શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી એસ.જે હૈદર જણાવ્યું છે કે, ભારતીય શિક્ષણ પ્રણાલી એ ૮૦૦ યુનિવર્સિટીઓ, ૩૯,૦૦૦ કોલેજ અને ૨૦ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓની ક્ષમતા સાથેની વિશ્વની બીજી સૌથી મોટી ઉચ્ચ શિક્ષણ પ્રણાલિ છે. વળી, ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એવા અભ્યાસક્રમો-ડિગ્રીઓ ઓફર કરે છે જે ગુણવત્તાની દ્રષ્ટીએ વિશ્વ બજારમાં સ્પર્ધાત્મક છે, ત્યારે આ સેમિનાર વૈશ્વિક બજારમાં ભારતીય શિક્ષણ પ્રણાલીને વધુ સ્પર્ધાત્મક બનાવશે. તેમણે યુનિવર્સિટી કક્ષાએ કાર્યશૈલીની પદ્ધતિ બદલવા પર ભાર મૂકતા કહ્યું કે, આપણા વિશ્વ વિદ્યાલયો પ્રાચીન કાળથી જ વિશ્વભરમાં પ્રસિદ્ધ હતા. નાલંદા અને તક્ષશીલા જેવી વિશ્વ પ્રસિદ્ધ યુનિવર્સિટીઓનો વારસો આપણને મળ્યો છે. ભારતીય પ્રાચીન જ્ઞાન પદ્ધતિઓ આજે પણ પ્રસ્તુત છે. આપણી પાસે વિશાળ અને વિપુલ ક્ષમતાઓ છે ત્યારે, માઇન્ડસેટ બદલી ગુણાત્મક પરિવર્તન લાવવાની જરૂર છે. નેશનલ બોર્ડ ઓફ એક્રેડકિટેશનના સભ્ય સચિવ ડો. એ.કે.નાસાએ નેશનલ રેક્નિંગ ફ્રેમવર્ક અંગે (દ્વેંઈહ્ણ) વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ટેક્નીકલ સેશનમાં ચંદીગઢ યુનિવર્સિટીના શ્રી સતનામસિંઘ સંધુ અને ઉપપ્રમુખ ડો. હિમાની સુદ અને રિસર્ચ ડિન ડો.સંજીત સિંઘે ગુજરાતની યુનિવર્સિટીઓને વિશ્વ કક્ષાની બનાવવા અંગે વિશદ ભૂમિકા આપી હતી.

# લવારપુર ગામે બંધ મકાનને તસ્કરોનો તરખાટ : ૮.૨૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૩

લવારપુર ખાતે રહેતો પટેલ પરિવાર રાજકોટ સરધાર ખાતે સ્વામીનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવમાં ગયો હતો. ત્યારે લવારપુર ગામે ચોર શખ્સોએ જાળીનું અને મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી રૂમમાં રહેલી તિજોરીનો સામાન વેરણ છેરણ કરી અંદર રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૮.૨૦ લાખથી વધુ મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે હિંમાશુ પટેલે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડવા માટે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. જયારે ગામમાં અન્ય બે મકાનના પણ તાળા તુટ્યા હોવાનું જાણવા મળ્યું છે.

હિમાંશુ ઘનશ્યામભાઈ પટેલ (ઉં.૩૩) મહેલજ કુમાર પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે અને વૃંદાવન બંગ્લોઝ ડભાણ ખાતે રહે છે. જયારે હિમાંશુભાઈથી નાના ભૌમિકભાઈ અને તેમના પિતા અને માતા અલ્કાબેન લવારપુર ખાતે રહે છે. જયારે ભૌમિક ગીફટસીટી ખાતે નોકરી કરે છે. ગત તા.૯ ડિસેમ્બરના રોજ ભૌમિક અને તેમના માતા અલ્કાબેન રાજકોટ ખાતે સરધાર સ્વામીનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હોવાથી ત્યાં ગયા હતા.જયારે તેમના પિતાજી ઘરે હતા. ત્યારબાદ તેઓ પણ રાજકોટ ખાતે તા.૧૧ ડિસેમ્બરના રોજ સવારે સાત વાગ્યાના અરસામાં મકાન બંધ કરી તાળુ મારી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ગયા હતા. જયારે તા.૧૨ ડિસેમ્બરને રવિવારના રોજ રાત્રીના દશ વાગ્યાના સુમારે મારા કાકીએ જોયુ તો મકાનને તાળુ મારેલુ ન હતું. જયારે આજરોજ સવારે સુમારે લવારપુર ગામે થી કાકી અને પાડોશી વિષ્ણુભાઈ પટેલનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે રાત્રીના સમયે તાળુ કોઈએ તોડી નાંખેલ છે. લવારપુર આવીને જોયુ તો મકાનની જાળી તેમજ દરવાજાને લગાવેલા તાળા તુટેલી હાલતમાં હતા. તિજોરીમાં રહેલા દાગીનાની તપાસ કરતા તેમાંથી સોનાના દોરા નંગ-૨ પેન્ડલ સાથે ચાર તોલાના, અઢી તોલાના સોનાના ડોકીયા બુટી સાથેના, સવા બે તોલાનું મંગળસુત્ર, સોનાની વીટીં નંગ-૮ જેમાં બે પુરુષની અને ૬ મહિલાની, સોનાની બુટ્ટી રવા જેવી, સોનાની ત્રણ જોડ બુટ્ટીઓ એક તોલાની, સોનાની કાનની શેરો અડધા તોલાની, સોનાની લાંબી બુટ્ટી અડધા તોલાની, સોનાની ચુની નંગ-૪ , સોનાની અઢી તોલાનું મંગળસુત્ર, અઢી તોલા સોનાની બંગળીઓ, કાનની શેર તેમજ બુટ્ટી એક તોલા વજનની તેમજ ચાંદીનો મોટો કંન્દોરો, જુડો, ત્રણ સિક્કા,ચાંદીના હાથે પહેરવાના બોર નંગ-૩, પગની શેરો નંગ-૮ તમામ ચાંદીનું વજન એક કિલો કિં.૫૦ હજાર તેમજ રોકડા રૂ.૧,૦૦૦ તેમજ સોનાના ઘરેણા મળી કુલ રૂ.૮,૨૦,૧૦૦ ની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે.

## સુપ્રિયા લાઈફસાયન્સ લિમિટેડનો આઈપીઓ ૧૬મીએ ખુલશે

સુપ્રિયા લાઈફસાયન્સ લિમિટેડ (''કંપની'') ૧૬ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ એના આઈપીઓ સાથે સંબંધિત બિડ/ઓફર ખુલ્લી મૂકશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૬૫થી રૂ. ૨૭૪ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૫૪ ઈક્વિટી શેર અને પછી ૫૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. કંપનીએ આઈપીઓ મારફતે રૂ. ૭૦૦૦ મિલિયનનું ફંડ ઊભું કરવાની યોજના બનાવી છે. ઓફરમાં કંપની દ્વારા રૂ. ૨૦૦૦ મિલિયન સુધીના કુલ ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને શ્રી સતિશ વામન વાઘ (''પ્રમોટર વિક્રેતા શેરધારક'') દ્વારા રૂ. ૫૦૦૦ મિલિયન સુધીના કુલ વેચાણ માટેની ઓફર સામેલ છે (ફ્રેશ ઈશ્યૂ સાથે સંયુક્તપણે "વેચાણ માટેની ઓફર''). આ ઓફર સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮, જેમાં થયેલા સંશોધન સાથે (''સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ'')ના નિયમન ૩૧ સાથે સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમો, ૧૯૫૭, જેમાં થયેલા સંશોધન મુજબ (''એસસીઆરઆર'')ના નિયમ ૧૯(૨)(બી)ની દ્રષ્ટિએ રજૂ કરવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૬(૨) સાથે સુસંગત રીતે બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૭૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (“QIBs”) (“QIB પોર્શન'')ને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે, અમારી કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારક મ્ઈન્સ્જ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો એક્કર રોકાણકારોને ફાળવી શકે છે (''એક્કર રોકાણકાર પોર્શન''). એક્કર રોકાણકાર પોર્શનનો એક-તૃતિયાંશ કે ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે.

# શાહપુર પાસે ડમ્પરની ટક્કરે એકટીવા ચાલક રાંદેસણના યુવકનું મોત

ગાંધીનગર, તા.૧૩

લવારપુર રોડ શાહપુર ગામની સીમમાં મહાકાળી માતાના મંદિર પાસે સવારના અગીયાર વાગ્યાના અરસામાં માતેલા સાંઢની જેમ ધસી આવેલા ડમ્પર ચાલકે એકટીવા ને પાછળથી ટક્કર મારી હતી. બનાવમાં એકટીવા પરથી નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા રાંદેસણના ૩૫ વર્ષિય યુવકનું મૃત્યુ નિપજયું છે.બનાવની જાણ થતા રાંદેસણ ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે મૃતકના પિતાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર ડમ્પર ચાલકને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાંદેસણ ખેતરમાં આઠઘર ખાતે રહેતા ૬૫ વર્ષિય ઈશ્વરસિંહ હેમતુજી ગોહિલ પરિવાર સાથે રહે છે અને નિવૃત જીવન વિતાવે છે. તેમના પરિવારમાં પત્ની નંદુબા, પાંચ દિકરીઓ અને એક દિકરો છે. જયારે ૩૫ વર્ષિય દિકરો નરેન્દ્રસિંહ ખેતીકામ કરે છે તેના લગ્ન અમદાવાદ ખાતે કરેલા છે તેને સંતાનમાં એક દિકરી અને દિકરો જેમાં દિકરી પરીબા ઉં.૧૨ અને દિકરો દિવ્યરાજસિંહ ૯ વર્ષનો છે. આજે સવારે સાત વાગ્યાના અરસામાં ઈશ્વરસિંહ ગોહિલ ઘરે હાજર હતા તે સમયે તેમનો દિકરો નરેન્દ્રસિંહ એકટીવા નં. જી.જે.૧૮.સી.કે.૫૮૯૯ લઈને મગોડી ખાતે રહેતી બહેનના ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે અગીયાર વાગ્યાના અરસામાં રતનપુર ગામના લાલસિંહ બિહોલાનો ઈશ્વરસિંહ ગોહિલ પર ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તમારા દિકરાને શાહપુર-લવારપુર રોડ પર મહાકાળી મંદિર પાસે અકસ્માત થયો છે, તો તમે તાત્કાલીક અહી આવો, જેથી ઈશ્વરસિંહ તેમના ભત્રીજા ભરતસિંહને લઈ બનાવ સ્થળે પહોચ્યા હતા. તેઓએ સ્થળ પર જોયુ તો તેમના દિકરા નરેન્દ્રસિંહ અકસ્માત થયેલી હાલતમાં રોડની સાઈડમાં એકટીવા સાથે પડ્યા હતા. તે સમયે મોટીસંખ્યામાં ભાઈ બહેનો એકઠા થઈ ગયા હતા. તે સમયે ૧૦૮ આવી જતા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડોકટરે ચકાસીને મરણ જાહેર કરેલ. જયારે નરેન્દ્રસિંહ એકટીવા લઈને જઈ રહ્યા હતા તે સમયે આઈવા ટ્રક નં. જી.જે.૧૩.એ.ડબલ્યું-૮૬૩૨ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પાછળથી ટક્કર મારતા એકટીવા ચાલક નરેન્દ્રસિંહને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યું થયું હતું. જયારે આઈવા ટ્રકનો ચાલક અકસ્માત કરી ટ્રક મુકીને ભાગી ગયો હતો.

## રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને

### ગોવા ખાતે યોજાયેલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ ૨૦૨૧માં “બેસ્ટ પેવેલિયન એવોર્ડ” એનાયત કરવામાં આવ્યો

ગાંધીનગર , ૧૩

ગોવ ખાતે યોજાયેલ IIFS 2021 માં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત રાજ્ય ને “બેસ્ટ પેવેલિયન એવોર્ડ'' મળેલ છે. જેરાજ્ય ના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વૈજ્ઞાનિકો અને નિતી ઘડવૈયાઓ માટે ખુબ જ આનંદ ના સમાચાર છે. DST ગુજરાત પેવેલિયનને IISF ૨૦૨૧ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કન્સેપ્ટ્યુલાઈઝ્ડ પેવેલિયનથી નવાજવામાં આવ્યા છે, જે ' વિજ્ઞાનમાં સર્જનાત્મકતાની ઉજવણી ' થીમ પર ડિઝાઈન કરવામાં આવ્યું હતુ.

IISF ૨૦૨૧ ની ૭મી આવૃત્તિનું આયોજન મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ તથા વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય, ભારત સરકાર અને ગોવા સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. તેનું આયોજન ૧૦ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન ઓનલાઈન તથા ઑફલાઈને માધ્યમ થી કરવામાં આવ્યું હતું. IISF ૨૦૨૧ કાર્યક્રમમાં સમગ્ર દેશ માંથી ૨૫૦ કરતાં વધુ સંસ્થાઓની ભાગીદારી તેમજ , ૧૭૭ સ્ટોલ સાથે મેગા સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને ઈન્ડસ્ટ્રી એક્સ્પોનો સમાવેશ કરવા માં આવેલ હતો.

DST ગુજરાત પેવેલિયન મા DST અંતર્ગત આવેલ સંસ્થાઓ GUJCOST, સાયન્સ સિટી, GSBTM, ISR, GIL, GBRC ડિરેક્ટોરેટ ઑફ ICT અને ઈ-ગવર્નન્સ અને ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક સહિતના તમામ વિભાગોના ઈન્ફોગ્રાફિક પેનલ્સ, પ્રદર્શનો, મલ્ટીમીડિયા પ્રસ્તુતિ કરવામાં આવેલ હતું. પ્રોગ્રામ સમયગાળા દરમિયાન ડીએસટી ગુજરાત પેવેલિયન ખાતે વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિકો અને ઈનોવેટર્સ દ્વારા લાઈવ ટેક્નોલોજી નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

## શુભારંભ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારતનુ ભાગ્ય બદલાયુ છે.ગમે તેટલા મોટા પડકારને ભારતના લોકો ભેગા મળીને પરાસ્ત કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે પોતાના મતક્ષેત્ર તેમજ પ્રાચીન શહેર એવા કાશીમાં નવનિર્મિત કાશી વિશ્વનાથ ધામ કોરિડોરને ખૂલ્લો મૂક્યો હતો. પીએમે જણાવ્યું હતું કે, માત્ર ૩૩ મહિનામાં આ કાર્યને પૂરું કરવામાં આવ્યું છે. તેમણે કાશીને નવું સ્વરુપ આપવા બદલ તેમાં જોતરાયેલા કામદારોનો પણ ખાસ આભાર માનીને તેમની સાથે તસવીર ખેંચાવી હતી. પીએમે કહ્યું હતું કે, કોરોનાકાળ જેવા કપરા સમયમાં પણ કાશી વિશ્વનાથ કોરિડોરનું કામકાજ અટક્યું નથી.

પીએમે આ પ્રસંગે જણાવ્યું હતું કે કાશીમાં નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે, અને આપણને સૌને તેના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. પીએમે જણાવ્યું હતું કે કાશી વિશ્વનાથ મંદિર માત્ર ત્રણ હજાર ચોરસ ફુટનું હતું, જે હવે પાંચ લાખ ચોરસ ફુટનું બનાવવામાં આવ્યું છે. હવે અહીં ૫૦થી ૭૫ હજાર શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે આવી શકશે. તેમણે કહ્યું હતું કે, કાશી વિશ્વનાથ હવે માત્ર એક મોટું ભવન જ નહીં, પરંતુ ભારતની સનાતન સંસ્કૃતિ અને પરંપરાનું પણ પ્રતિક બન્યું છે. અહીં એ પણ જોવા મળશે કે કઈ રીતે પ્રાચિન સંસ્કૃતિમાંથી ભવિષ્યને દિશા બતાવાય છે. પીએમે કહ્યું હતુ કે, ઈતિહાસમાં કાશીનો નાશ કરવાના અનેક પ્રયાસ થયા, પરંતુ તે સફળ ના રહ્યા. આપણા દેશમાં સલ્તનતો આવી અને ગઈ, ઔરંગઝેબ આવ્યો તો તેના પછી શિવાજીનો પણ ઉદય થયો. વારાણસી પીએમ મોદીનું મતક્ષેત્ર છે. અહીંથી જ ૨૦૧૪માં લોકસભા ચૂંટણી લડીને તેઓ દેશના પીએમ બન્યા હતા. આ વર્ષે ઉત્તરપ્રદેશમાં પણ વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. પીએમ મોદી હાલ પોતાના મતક્ષેત્રના બે દિવસના પ્રવાસે છે. આજે સવારે તેઓ વારાણસી આવી પહોંચ્યા હતા, જયાં તેમનું રાજયપાલ આનંદીબેન પટેલ, સીએમ આદિત્યનાથ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાશીમાં આવી પીએમ મોદીએ કાળ ભૈરવની આરતીમાં ભાગ લીધો હતો.

## હજુ કપરું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અજમાવે છે. પરંતુ હાલમાં પણ અંદાજિત ૩૫ ટકા જેટલા અરજદારો આ કસોટી એક જ પ્રયાસમાં પાસ કરી શકતા નથી. અલબત્ત બીજીવાર પ્રયાસ કરવો પડે છે. માર્ગ પર દોડતા વાહનોની અવરજવર વધુ સરળ થાય અને માર્ગ સલામતી જળવાઈ રહે તે માટે જ ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટ આપીને લાયસન્સ ઈશ્યુ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક માર્ગ સલામતી માટે આર્શીવાદ રૂપ બનવાની સાથે વાહનચાલકો માટે આકરી કસોટીરૂપ બન્યો છે. ગાંધીનગર આર ટી ઓ કચેરીના ટ્રેકમાં જરૂરી કામગીરી હાથ ધરવા માટે પણ આર ટી ઓ કચેરી દ્વારા ઉચ્ચ કચેરીમાં દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સેન્સર અને પટ્ટા લગાવવા સહીત ટ્રેકના જરૂરી રીપેરીંગનુ પણ કામ હાથ ધરવામાં આવશે.


ટચૂકડી જાહેર ખબર

**Change of Name**

I have changed my old name from Benjamin Babubhai Meckwan to New name is Benjamin Babhubhai Macwan.
Address
Plot No. 725/1,
Sector-4/C,
Gandhinagar-382006

**અટક બદલેલ છે**

મારું નામ બેન્જામીન બાબુભાઈ મેકવાન (Meckwan) હતું તે બદલીને બેન્જામીન બાબુભાઈ મેકવાન (Macwan) કરેલ છે.
સરનામું
પ્લોટ નં. ૭૨૫/૧,
સેક્ટર-૪/સી,
ગાંધીનગર-૩૮૨૦૦૬

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૭૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

રાજ્ય સરકાર દ્વારા જનહિતમાં જારી...

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રાજ્યમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને રૂ.૫૦,૦૦૦ની સહાય જોગ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, રાજયમાં કોવિડ-૧૯ થી મૃત્યુ પામેલના વારસદારોને ભારત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારની માર્ગદર્શિકા અનુસાર રૂ. ૫૦,૦૦૦/ની સહાય (Ex-gratia assistance) આપવાનું ઠરાવેલ છે. જે અન્વયે આવા કોવિડ-૧૯થી મૃતકના વારસદારોને ઘરેબેઠા ઝડપી અને સરળતાથી સહાય મળી રહે તે માટે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવેલ છે.

www.iora.gujarat.gov.in પોર્ટલના હોમપેજ ઉપર Covid-19 Ex-gratia payment પર ક્લિક કરવાથી આ મુજબની www.iora.gujarat.gov.in/Cov19_login.aspx લિંક પરથી ઓનલાઈન અરજી કરી શકાશે.

આ પોર્ટલ ઉપર મોબાઇલ/કોમ્પ્યુટરથી OTP જનરેટ કરી નીચે મુજબના કોઈ પણ એક પુરાવો અપલોડ કરી અરજી કરવાની રહેશે.

- RT-PCR
- રેપીડ એન્ટીજન
- મોલેક્યુલર ટેસ્ટ
- કોવિડ-૧૯ની તબીબી સારવાર/ નિદાનના આધારની નકલ
- ફોર્મ-૪ / ફોર્મ-૪-A

આ સિવાય નીચે મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

- મૃતકના મરણ પ્રમાણપત્રની નકલ
- વારસદારોનું સોગંધનામુ
- સહાય મેળવનાર વારસદારની બેંક પાસબુક/ક્રોસ ચેકની નકલ

આ સિવાય, સબંધિત મામલતદાર કચેરી કે જિલ્લા ક્લેક્ટર કચેરી ખાતે રૂબરૂ(ઓફલાઇન) અરજી પહોંચાડીને પણ અરજી કરી શકાશે.

અરજદાર/મૃતકના વારસદારને જો અરજીના નિર્ણય સામે વાંધો કે ફરીયાદ હોય તો નીચે જણાવ્યા મુજબની ગ્રીવન્સ રી-ડ્રેસલ સમિતિમાં ઓનલાઈન www.iora.gujarat.gov.in પોર્ટલ ઉપર અથવા રૂબરૂ કલેકટર કચેરી/મહાનગરપાલિકા કચેરીમાં અરજી કરી શકાશે.

-: મહાનગરપાલિકા વિસ્તાર માટે :-

- નાયબ મ્યુનિસીપલ કમિશનર(હેલ્થ) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- હેલ્થ ઓફીસર(MOH) સંબંધિત મહાનગરપાલિકા (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ,મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

-: મહાનગરપાલિકા સિવાયના વિસ્તાર માટે :-

- નિવાસી અધિક કલેક્ટર (RAC) (અધ્યક્ષ)
- મુખ્ય જિલ્લા મેડીકલ ઓફીસર (CDMO)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી (CDHO) (સભ્ય સચિવ)
- ફિઝીશીયન (જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ)
- પ્રોફેસર, કોમ્યુનિટી મેડિસીન (સંલગ્ન કોલેજ)

આ સિવાય પોર્ટલ સંબંધિત ઓનલાઇન અરજી કરવા બાબતે જરૂરી માર્ગદર્શન મેળવવા સારૂ હેલ્પલાઇન નં. ૧૦૭૭ અને સ્ટેટ કંટ્રોલરૂમ નં. ૦૭૯-૨૩૨૫૧૯૦૦ ઉપર સંપર્ક કરી શકાશે.

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.